ગાંધીનગર સમાચાર
તા. ૧-૬-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### ગતિશીલ ગુજરાતમાં રૂંધાઇ રહેલું શિક્ષણ

હાયર સેકંડરી સ્કૂલ સર્ટિફિકેટ બોર્ડનાં પરિણામો જોતાં એક વાત ઊડીને આંકે વળગે છે એ કે શિક્ષણનું ધોરણ દિવસે દિવસે કથળી રહ્યું છે. વિજ્ઞાનપ્રવાહ પ્રત્યે વિદ્યાર્થીઓનું વધું પડતું આકર્ષણ કહો કે વાલીઓની એમનાં પાલ્યોની 'કેરિયર' બનાવી આપવાની વૃત્તિ - એથી ઠેકઠેકામે બિલાડીની ટોપ જેવી સ્વનિર્ભર શાળાઓ ફૂટી નીકળી છે જે વિદ્યાનો રીતસરનો વેપલો જ માંડી બેઠી છે. એથી ગ્રામીણ પ્રજામાં વળી જુદી જ માનસિકતા ઘર કરી રહી છે. દૂરદરાજના ગ્રામીણ પરિવારો અનેક પ્રકારની આર્થિક વિટંબણાઓ વેઠીને પણ પોતાના બાળકોને શહેરોની નામાંકિત શાળાઓમાં મોંઘીદાટ ફી ભરી ભણવા મૂકે છે; એટલું જ નહીં, એ બાળક પાછળ એની માતા કે અન્ય કોઇ સગાં સંબંધી પણ શહેરમાં ભાડે મકાન રાખીને રહે છે, કૌટુંબિક વિચ્છિન્નતા સર્જનારી આ માનસિકતા એટલી વ્યાપક બની ચૂકી છે કે ગ્રામ વિસ્તારની શાળાઓને ખુદ કાચી વયના વિદ્યાર્થીઓ હેય દૃષ્ટિથી જોતા થઇ જાય છે. પરિણામે મધ્યમ વર્ગ અને ઉચ્ચ વર્ગ નફરત કરતો થઇ ગયો છે. લાંબે ગાળે આ ખાઇ વિસ્તરતી જશે તો એનાં વરવાં પરિણામ આવવાની શક્યતા છે. વિજ્ઞાનપ્રવાહમાં ઊંચા પરિણામો આપીને સરકાર પોતાની કાલ્પનિક સફળતાનું ડિમડિમ વગાડી શકે એમ નથી. મેડિકલ, ઇજનેરી કે ફાર્મસી વિદ્યાશાખાઓની અસંખ્ય મંજરીઓ આપીને સરકારે કેળવણીનું હિત કર્યું કે અહિત - તે એનો જે નબળો ફાલ ઊતરી રહ્યો છે એની ગુણવત્તા જોઇને જ નક્કી કરી શકાશે! વિનયન વિદ્યાશાખાનો છેદ ઉડી જાય એવી સ્થિતિ સરજાઇ રહી છે. એમાં પણ ગુજરાતી જેવી માતૃભાષામાં જ જયારે હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ નાપાસ થતા હોય ત્યારે ભાષા-સંસ્કૃતિના અંધકારમય ભવિષ્યની ચિંતા થવી જોઇએ, જે નથી સરકારને થતી લાગતી કે નથી એ મુદ્દે સમાજમાં કોઇ જાગૃતિ વરતાતી. ધો.૧૨ના સામાન્ય પ્રવાહનું પરિણામ છેલ્લાં ૨૧ વર્ષો દરમિયાન સૌથી નીચું આવેલ છે, તે ગુજરાતની પ્રજા અને સરકાર - બેઉ માટે શરમજનક ઘટના ગણાવી જોઇએ. સરકાર પરીક્ષાચોરી અટકાવવાનો જશ લઇ આ પરિણામ પ્રત્યે આશ્વસ્ત રહેતી હોય તો તેને એની શાહમૃગવૃત્તિ જે ગણવી રહી. પરીક્ષામાં ચોરી ન થાય એ માટે પુસ્તક સાથે પરીક્ષા આપવાનો વિકલ્પ વેળાસર વિચારવો જ રહ્યો. બાળ માનસ પર ગોખણિયા પદ્ધતિનું શિક્ષણ કેટલી વિપરીત અસર કરી શકે. એનો પદ્ધતિસરનો અભ્યાસ થવો જોઇએ. આજનું શિક્ષણ શિક્ષકો કરતાં સવિશેષ વિદ્યાસહાયકોના આશ્રયે મુકાઇ ગયું છે. શિક્ષણ સહાયકોને પટાવાળા કે ખેતમજૂર કરતાં પણ ઓછું વેતન આપીને એમની પાસે ઊંચી ગુણવત્તાના શિક્ષણની અપેક્ષા રાખવી તે કેટલું ન્યાય સંગત છે? ખુદ અદાલતોએ આ મુદ્દે અનેક વાર સરકારને કડક ઠપકો આપેલ છે, છતાં એનું કોઇ નિર્ણાયક પરિણામ મળેલ નથી, તે જ શું આપણી નઘરોળ શિક્ષણ પદ્ધતિનું દ્યોતક નથી?

## સોજા હાઈસ્કૂલનું ગૌરવ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ઉપક્રમે લેવાયેલ માર્ચ ૨૦૧૫માં લેવાયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા (એચ.એસ.સી.)નું પરિણામ તાજેતરમાં જાહેર કરવામાં આવ્યું છે. કલોલ તાલુકાની શૈક્ષણિક સંસ્થા શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાનું પરીક્ષા (ધો-૧૨ સામાન્ય પ્રવાહ)નું પરિણામ ૬૬.૪૧ ટકા આવ્યું છે.

શાળાની વિદ્યાર્થીની કુ. રાવળ સોનલબેન પૂંજાભાઈએ ૭૦ ટકા મેળવી શાળામાં સર્વપ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. સોજા ગામ અને સોજા હાઈસ્કૂલને અનેરું ગૌરવ અને સન્માન અપાવનાર અધ્યેતા વિદ્યાર્થીનીને સમગ્ર સારસ્વત મિત્રો, શાળા પરીવાર અને ગ્રામજનો દ્વારા ખૂબ ખૂબ અભિનંદ અને ઉત્તરોત્તર પ્રગતિની શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# આર.એન. લલિતકલા એકેડમીનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

## દર વર્ષે એકેડમી દ્વારા સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે : તાલીમ લીધેલા બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાય છે







ગાંધીનગર, તા.૩૧

વેકેશન દરમિયાન દર વર્ષે શહેરમાં સમર કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓના વિકાસને ધ્યાનમાં રાખી વિવિધ સંસ્થાઓ બાળકોને નવું સિંચન કરે છે. આર.એન. લલીતકલા એકેડમી દ્વારા સમર કેમ્પનો રંગારંગ શુભારંભ કરવામાં આવ્યો હતો.

સેકટર-૨૩ કડી વિદ્યાલય મંડળ સંચાલિત આર.એન. લલીતકલા એકેડમી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનો રંગારંગ ઉત્સાહપૂર્વક માહોલમાં બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલમાં શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે કેમ્પસ ડાયરેકટર સોમાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

લલીતકલા એકેડમી દ્વારા દર વર્ષે વેકેશનમાં સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. સમર કેમ્પ દરમિયાન તાલીમ મેળવેલ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. જેમાં ભરતનાટયમ, શાસ્ત્રીય ગાયન, વાદન, લોપા મુદ્રા, કથક, વેસ્ટર્ન ડાન્સ, સ્કેટીંગ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં દિપાલીબેન જોષી, પ્રિન્સિપાલ એસ.કે. પટેલ, સંચાલિકા દિનાબેન ડોડીયા ઉપસ્થિત રહ્યા હતા તેમજ તજજ્ઞો, શકુંતલાબેન ઓઝા, હાર્દિકાબેન શુકલા, જયદિપ ઉપલા, કોમલ ઝાલા, પારૂલબેન ઉપાધ્યાય, સોનિયાબેન વ્યાસ, જિજ્ઞાબેન, વસીમ મનસુરી સહિત બાળકોના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનિતાબેને કર્યું હતું. અને આભારવિધિ સેન્સાઈ એલ્વાકુમારે કરી હતી.

### ડભોડા એમ.એચ. વિદ્યામંદિરનું સામાન્ય પ્રવાહનું ૮૩.૨૨ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૩૧

તાલુકાના ડભોડાની શ્રી એમ.એચ. વિદ્યામંદિરનું સામાન્ય પ્રવાહનું ૮૩.૨૨ ટકા પરિણામ મેળવ્યુ છે. શાળાના ૧૪૯ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૨૪ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. શાળામાં પ્રથમ ક્રમે વિજય સોલંકી, ૭૧.૭૧ ટકા, બીજા ક્રમે કેવલ ડોડીયા ૭૧.૪૨ ટકા મેળવ્યા છે. બન્ને વિદ્યાર્થીઓ અને પાસ થયેલા વિદ્યાર્થીઓને કેળવણી મંડળ અને આચાર્યએ અભિનંદન પાઠવ્યા છે.

# જૂન મહિનો આવ્યો સ્પર્ધાત્મક પરીક્ષાની મૌસમ લાવ્યો : વિવિધ ખાતાની પરીક્ષાઓ યોજાશે

## રાજયના ૨૬ જિલ્લામાં ત.ક.મ. મામલતદાર, ડીવાયએસઓ સહિતની વિવિધ પરીક્ષાઓ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

રાજય સરકારમાં ખાલી પડેલી અનેક જગ્યાઓ માટે વિભાગો દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. રાજયના લાખો શિક્ષિત બેરોજગાર યુવાનોએ સરકારી નોકરી મેળવવા ઉમેદવારી નોંધાવી છે. આજથી શરૂ થતો જૂન મહિનો સ્પર્ધાત્મક પરીક્ષા માટેનો મહિનો બની રહેશે. સરકારમાં ખાલી પડેલ જગ્યાઓના કારણે વહીવટી પ્રક્રિયા મંદ પડી ગઈ છે.

આજથી શરૂ થતો જૂન મહિનો રાજયના બેરોજગાર યુવાનો માટે મહત્વનો સાબિત થશે. આ મહિનામાં એક સાથે ૨૬ જિલ્લાઓમાં વિવિધ પોસ્ટની પરીક્ષા યોજાશે. જેમાં કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ અને તાપી જિલ્લામાં પરીક્ષાઓ યોજવામાં આવશે.

જેમાં જુનિયર કલાર્ક હિસાબી, તલાટી કમ મંત્રી, મલ્ટી પરપઝ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ વર્કર, નાયબ ચિટનીસ, નાયબ મામલતદારની જગ્યાઓ માટે પરીક્ષાઓ આપશે. સરકારી કર્મચારી બનવા માટે શિક્ષિત બેરોજગાર યુવાનો અગ્નિ પરીક્ષા પાસ કરશે. શાળાકીય વેકેશન પુરું થવા આવ્યુ છે. ત્યારે સરકારી નોકરી મેળવવા ઈચ્છુક ઉમેદવારની અગ્નિ પરીક્ષા શરુ થઈ છે. ગાંધીનગર શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષા આપવા માટે હજારો યુવાનોએ પડાવ નાંખ્યો છે. કલાસીસોમાં વિદ્યાર્થીઓની હાજરી ફુલ દેખાય છે.

રાજય સરકારની વિવિધ કચેરીમાં ખાલી પડેલી જગ્યાઓના કારણે વહિવટી કામગીરી પર અસર પડે છે. લોકોને કામમાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કચેરીઓ ચાર્જમાં ચલાવવી પડે છે. ત્યારે પરીક્ષાઓ યોજી સરકારી કાર્યને બુલેટ ગતિએ દોડાવવામાં આવશે.

એક સાથે ૨૬ જિલ્લાઓમાં વિવિધ પરીક્ષાઓ યોજાવાથી જૂન મહિનો પરીક્ષાની મોસમ લઈને આવ્યો છે. બેરોજગાર યુવાનો સરકારી કર્મચારી બનવા માટે રાત દિવસ એક કરી રહ્યા છે.

### ગાંધીનગર શહેર કોંગ્રેસ 'કારકિર્દીના ઉંબરે' પુસ્તિકાનું વિતરણ કરશે

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા 'કારકિર્દીના ઉંબરે' માર્ગદર્શન પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું છે. જેમાં ધોરણ-૧૨ પછી શુ ? અંગેની સચોટ માહિતી પુરી પાડવામાં આવી છે.

આ માહિતી પુસ્તિકા નગરના વિદ્યાર્થીઓને ઉપયોગી નિવડે તે માટે વિતરણ કરવામાં આવશે. પુસ્તિકાનું વિતરણ બપોરે ૧૨ થી ૨ કલાક દરમિયાન સેક્ટર-૧૧ સ્થિત વિજય શોપીંગ સેન્ટર-૧૪, ખાતેથી મેળવી લેવા શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલે અનુરોધ કર્યો છે.

### નારી સંરક્ષણ ગૃહનું ગૌરવ

ગાંધીનગર, તા.૩૧

નારી સંરક્ષણ ગૃહ 'માતૃછાયા' ગાંધીનગરમાં રહેતી વત્સા જતીનભાઈ શાહે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૯૦.૫૦ પર્સન્ટાઈલ મેળવી નારી સંરક્ષણ ગૃહનું ગૌરવ વધાર્યુ છે. ઝળહળતી સફળતા મેળવતા સંરક્ષણ ગૃહના પ્રમુખે અભિનંદન પાઠવ્યા છે.

### કોબાવાળા હાઈસ્કુલનું સામાન્ય પ્રવાહ ૯૭.૯૫ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૩૧

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. ગાંધીનગર કોબા સ્થિત શ્રી જી.ડી.એમ. તથા શ્રી એચ.એન.જે. કોબાવાળા હાઈસ્કુલનું ૯૭.૯૫ ટકા પરિણામ આવ્યું છે. જેમાં પ્રથમ મુકેશ મજેઠીયા ૭૬.૨૮ ટકા, દ્વિતીય વિપુલ રાવળ ૭૨.૧૪ ટકા અને તૃતીય મિતેષ ઠાકોરે ૭૨ ટકા મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.





સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ અને જુનિયર સિટીઝન કાઉન્સીલના સંયુક્ત ઉપક્રમે શુક્રવારે રાત્રે ગાંધીનગર ટાઉનહોલ ખાતે એક સંગીતસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હિન્દી ફિલ્મી જગતના સુપ્રસિદ્ધ ગાયકો મોહમ્મદ રફી, મન્નાડે, કિશોરકુમાર, લતા મંગેશકરે ગાયેલા યાદગાર ગીતો રજુ કરતા કાર્યક્રમ 'પુરાની યાદે' શિર્ષક હેઠળ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે નવ આયુક્ત મેયરશ્રી હંસાબેન મોદી, ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ, ગુડા ચેરમેન આશીષ દવે અને ૬૮ વર્ષની વયે રાષ્ટ્રીય કક્ષાએ એથ્લેટીક્સમાં ગોલ્ડમેડલ લાવનાર શ્રીમતી ઈન્દુમતીબેન નીમાવતનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રજાપિતા બ્રહ્માકુમારી સંચાલિકા ગાંધીનગરના પૂ. કૈલાશદીદી આ પ્રસંગે આશીર્વાદ આપવા ઉપસ્થિત રહ્યા હતા. જાણીતા ગાયકો શ્યામ ગઢવી, ગાયત્રી ઉપાધ્યાય, ચિંતનભાઈ દ્વારા જુના ફિલ્મોના ગીતોને સંદીપ ક્રિશ્ચિયનનાં સુરોના સથવારે હાજર શ્રોતાઓ મોડી રાત્રી સુધી મનભરી માણ્યો હતો.

(તસવીર : કશ્યપ નિમાવત)

# ભારતીય બંધારણમાં રાજયનીતિના માર્ગદર્શન સિદ્ધાંતોમાં પણ સ્ત્રી અને પુરુષ કામદારોનો સરખા કામ માટે સરખાં વેતનની જોગવાઇ છે




આપણે મહિલાઓ સંદર્ભેના અનેક કાયદાઓ અંગે આ કોલમમાં અભ્યાસ કર્યો છે. મહિલાઓ સંદર્ભેના 'શ્રમિક કાયદાઓ' સંદર્ભેમાં જોઈએ તો,

મહિલા અને શ્રમિક કાયદાઓ સંદર્ભેની જયારે ચર્ચા કરીએ ત્યારે વિશેષ રીતે અસંગઠિત ક્ષેત્રે પણ જાણવું જરૂરી છે. અનેક પ્રકારના ઉદ્યોગો જેવા કે, માછીમારી, બીડી કામ, રમકડાં ઉદ્યોગ, પાપડ, વિવિધ જાતના નાસ્તાઓ, રેડીમેઈડ ગારમેન્ટસ, પેપર બેન્ડ, પેકીંગ, એસેમ્બલીંગ, ફટાકડાં ઉદ્યોગ, અલગ-અલગ પ્રકારના ફ્લાવરો બનાવવા તેમજ ખેતી કામથી લઈ અનેક પ્રકારના કામોમાં મહિલઓ અને બાળકો જોડાયેલા છે તે દિવા જેવી સ્પષ્ટ હકીકત છે. અલગ-અલગ પ્રદેશમાં જે અલગ-અલગ પ્રકારની કામગીરી હોય જેમ કે હિમાચલમાં સફરજનની ખેતી અને વેંચાણ હોય, દક્ષિણ ભારતમાં આયુર્વેદ સમાજની કામગીરી હોય કે આસામ જેવા પ્રદેશમાં ચાની ખેતી બાબતેની કામગીરી હોય કે ગુજરાત રાજયમાં ભરતકામ, ગૂંથણકામ, ખાટલી વર્ક, દોરી વર્ક આવી અનેક બાબતો તેમજ કચ્છની પરંપરાગત હાથ ભરત હોય કે વારાણસીની શીલ ઉદ્યોગ હોય. આ તમામ બાબતોમાં મહિલાઓ કુશળ રીતે પોતાની સેવા બજાવી રહી છે. જો કે કેટલાક પ્રદેશોમાં કેટલાક કામોમાં ભાઈઓ પણ હથોટી ધરાવે છે તો વળી કેટલીક જગ્યાએ સ્ત્રી અને પુરૂષ એ બંને સાથે મળીને પણ હેન્ડીક્રાફ્ટ અને ટ્રેડીશનલ આર્ટનું કામ કરતા હોય છે. હમણાં જ તીરૂપતીથી શ્રી કાલહસ્તેશ્વર જવાનું થયું અને તેનું કલંક કારીક વર્ક જે એક કુટુંબના બધા સભ્યો જાણતા હોય અને સાથે બેસીને કામ કરતા હોય એટલું જ નહીં ભાઈઓ પણ આ બાબતમાં ખૂબ જ કુશળતા ધરાવે છે. ખેર અસંગઠિત ક્ષેત્રના આગળ વધીએ તો,

અસંગઠિત ક્ષેત્રના કામમાં કયાંક એક જૂથ કામ કરતું જોવા મળે છે તો વળી કોન્ટ્રાકટની પધ્ધતિથી પણ કામ થતું જોવા મળે છે. ખાસ કરીને જરી ઉદ્યોગ, ઘરચોળા બનાવવાનું કામ, ચણિયાચોળી ભરતકામ, આવી અનેક બાબતો કે જેમાં લગભગ ૧૨૬ જેટલી બાબતોનો સમાવેશ થાય છે. તે પ્રકારની જ કામગીરી થાય છે તેનું જો મૂલ્યાંકન કરીએ તો,

એક વેપારી એ ગુજરાતમાં કોઈ એક જિલ્લામાં ઘરચોળાનું જો હોલસેલ કામ કરતો હોય ઘરચોળા વેચવાનું આ પ્રકારનો વેપારીએ આ ઘરચોળા ભરવા માટે બહેનોને કામ સોંપે છે. એક બહેન જે એક વેપારી પાસેથી કામ લઈ જઈ જે બીજી દસ બહેનોને આ કામ ડીસ્ટ્રીબ્યુટ કરી આપે અને આવી જે દસ બહેનો હોય તે પૈકીની દરેક બહેન પાસે પચીસ થી પચાસ એક ગ્રુપ હોય જે આ પ્રકારના ભરતકામમાં કુશળતા ધરાવતા હોય. આ તો થઈ એક ભરતકામની વાત. પરંતુ ઉપર જણાવ્યા મુજબ તમામ બાબતો જેમાં મોતી કામનો પણ સમાવેશ થાય છે. તે કામ આ રીતે એક માલિક પાસેથી અનેક કારીગરો સુધી પહોંચે છે. આ પ્રકારે ઘરે બેસીને કામ કરતા કારીગરોને પણ ઘરે બેસીને કામ કરતા કામદારો એમ કહેવામાં આવે છે.

આ પ્રમાણે કામ કાર્ય કરનારાઓના બે પ્રકાર છે. ૧. એક વર્ગ એવો છે કે જેઓને માલિક કાચો માલ પૂરો પાડે છે અને તેઓએ માલ પર અમુક કામ કરીને માલિકને તે પરત કરવાનો હોય છે. આવા કારીગરોને પીસી રેટ વર્કસ કહે છે. ૨. બીજા પ્રકારના કારીગરોને ફીનીસ્ડ પ્રોડકટ વર્કસ કહે છે. જેઓનું કામ નાના પાયા પર માલ બનાવીને અમુક વ્યકિતને (માલિક) તે પૂરો પાડવાનું હોય છે. અહીં કાચો માલ પણ કારીગરનો છે અને પાકો કે તૈયાર માલ પણ કારીગરનો હોય છે અને તે એ માલ માલિકને વેચે છે. પ્રથમ પ્રકારના કામમાં માલિક તરફથી જે કોઈ ઉત્પાદન થવાનુ હોય તે પેટે એટલે કે કાચા માલ પેટે નાણાનું રોકાણ કરવામાં આવે છે. આ પ્રકારના કામમાં જો જોઈએ તો જેમ કે, વસ્તુ બનાવવા માટે મશીન લેવું પડે તેમજ જે જગ્યાએ કામ કરવાનું હોય તે જગ્યાની પણ જરૂર પડે કે જયાં આ પ્રકારની મશીનરી રાખવી પડે. તેમજ આ મશીન અંગે પણ વિજળીનો ખર્ચ થાય, મશીન ચલાવવા કારીગરની જરૂર પડે વગેરે... જયારે જે બીજા પ્રકારના કારીગરો છે તેમાં કાચો માલ વગેરેની વ્યવસ્થા પણ કારીગરે જ કરવાની હોય છે. જો દાખલાથી આ બાબત સમજીએ તો, શહેરના અંતરિયાળ છેવાડાના વિસ્તારમાં કે ગ્રામ્ય કક્ષાએ એક બહેન ઘરચોળા ભરવાનું કામ કે ચણિયાચોળી ભરવાનું કામ કે મોતીની અવનવી આઈટમો બનાવવાનું કામ કે ટેડીશનલ વસ્તુઓ કે હેન્ડીક્રાફ્ટ અંગેનું કામ જાણે છે અને કરે છે. એક જ વ્યકિત ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને વાતને સમજીએ તો એક બહેન જે અઠવાડિયે બે ઘરચોળા ભરી શકે છે. આ બહેનને દર મહિને ઘરચોળા ભરવા આપવા માટે બીજી કોઈ એક બહેન આપી જાય છે. આવું ઘરચોળા આપવાનુ કામ આપતા બહેન વેપારી પાસેથી આ કામ લઈ આવે છે. વેપારી ભરતકામના બદલામાં જે પૈસા ચૂકવે તેમાંથી આ વચ્ચેથી બહેનને પણ વેપારીને ત્યાંથી માલ લઈ અન્ય બહેનોને માલ પહોંચાડે અને માલ તૈયાર થઈને પરત માલ પહોંચાડે તે સંદર્ભેનું મહેનતાણું મળે છે. જે બહેન ઘરે બેસીને કામ કરે છે તે સોય, દોરા, સલી, ટીકી કે ભરતકામને જોઈતી તમામ વસ્તુઓ પોતે ખરીદવાની હોય છે. જયારે ભરતકામ કરીને સાડી કે જે તે વસ્તુ પાછી આપે ત્યારે તેણીને તે પૈસા મળે છે. અને આમ, કાચામાલનું રોકાણ એક ગરીબ વ્યકિતએ તો કરવું પડે છે અને તેના કારણે પણ તેની આવક સીમીત રહે છે. કારણકે આ બહેન મહિનામાં પાંચ સાડી ભરવા શકિતમાન છે. પરંતુ પાંચ સાડીનું ભરતકામ કરવા માટે જોઈતી ચીજવસ્તુઓ સોય, દોરા, કાચોમાલ વગેરેના પૈસા તેણી પાસે હોતા નથી. અને તેને કારણે તેની પાસે કુશળતા હોવા છતાં તે પુરતુ કામ કરી શકતી નથી. ખેર મહિલાઓ સંદર્ભેના જે જે કાયદાઓ છે તે સંદર્ભે સામાન્ય જાણકારી મેળવીએ તો નીચેના કાયદાઓ ઔદ્યોગિક ક્ષેત્રોમાં મુખ્યત્વે છે.

૧. ફેકટરીઝ એકટ, ૧૯૪૮ (૨) મેટરનીટી બેનીફીટ એકટ, ૧૯૬૧ (૩) ઈકવલ રેમ્યુનરેશન એકટ, ૧૯૭૬, (૪) બોન્ડેડ લેબર એબોલીસન એકટ (૫) માઈન્સ મેટરનીટી બેનીફીટ એકટ, ૧૯૪૧, (૬) માઈન્સ એકટ ૧૯૫૨, (૭) એસ્ટાબ્લીસ મેન્ટ એકટ, ૧૯૪૮ (૮) એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ એકટ, ૧૯૪૮, (૯) પ્લાન્ટેશન લેબર એકટ, ૧૯૫૧ આ ઉપરાંત ભારતીય બંધારણમાં પણ સ્ત્રીઓ અને બાળકો માટે આર્ટીકલ ૧૫(૩) અને (૪) તથા આર્ટીકલ ૩૯માં ખાસ જોગવાઈ કરવાની રાજયોને વિશીષ્ટ સતા આપવામાં આવી છે. ભારતીય બંધારણમાં રાજયનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોમાં પણ સ્ત્રી અને પુરુષ કામદારોને સરખા કામ માટે સરખાં વેતનની જોગવાઈ છે. ખાસ કરીને કુમળીવયના બાળકોને કેટલાક કામોમાં ન સાંકળવા સંદર્ભે પણ રાજયોએ કાળજી લેવા અંગે જોગવાઈ છે. ઉપર જણાવેલ તમામ કાયદાઓની વિશેષ માહિતીઓ સંદર્ભે મળીએ આવતા અંકે...